પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૯૭ | ૧૭ જુન, ૨૦૨૨, શુક્રવાર; જયેષ્ઠ વદ - ૩/૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# સેનામાં ભરતીની અગ્નિપથ યોજનાનો વિરોધ

## અગ્નિપથ યોજનાનો બિહાર, હરિયાણા-ઉત્તરાખંડમાં હિંસક વિરોધ : આરા સ્ટેશન પર પથ્થરમારો, લોકોને કાબૂમાં લેવા માટે ટિયરગેસના સેલ છોડ્યા, હરિયાણાના પલવલમાં પ્રદર્શનકારીઓએ રસ્તાઓ જામ કરી દીધા







નવી દિલ્હી, તા.૧૬

કેન્દ્ર સરકારે અગ્નિપથ યોજનાનો બિહાર સહિત હરિયાણા અને ઉત્તરાખંડમાં ભારે વિરોધ થઈ રહ્યો છે. બિહારમાં તો પ્રદર્શનકારીઓએ ટ્રેનમાં આગ લગાવી દીધી છે, આરા સ્ટેશન પર પથ્થરમારો કર્યો છે. પોલીસે લોકોને કાબૂમાં લેવા માટે ટિયરગેસના સેલ છોડ્યા છે. હરિયાણાના પલવલમાં પ્રદર્શનકારીઓએ રસ્તાઓ જામ કરી દીધા છે. ઉત્તરાખંડમાં પણ વિદ્યાર્થીઓ રસ્તા પર ઉતરીને પ્રદર્શન કરી રહ્યા છે. આ તરફ રાજસ્થાનના અજમેરમાં યુવાનોએ ભારે વિરોધ પ્રદર્શન કરવાની સાથે પથ્થરમારો કર્યાની વિગતો મળી રહી છે. યુવાનો આ યોજનાને પાછી ખેંચવા માટેની માંગ કરી રહ્યા છે. નોંધનીય છે કે કેન્દ્ર સરકારે બુધવારે અગ્નિપથ યોજના લોન્ચ કરી છે.

મહત્વનું છે કે કેન્દ્ર સરકારની જાહેરાત પછી ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ અને હરિયાણા જેવા ભાજપ શાસિત રાજ્યોએ અગ્નિવીરોને રાજ્ય સરકારની નોકરીમાં પ્રાથમિકતા આપવાની જાહેરાત કરી છે. યુપીમાં પોલીસમાં સેનામાંથી મુક્ત થયેલા અગ્નિવીરોને પ્રાથમિકતા આપવાની વાત કહેવામાં આવી છે. આ તરફ મધ્યપ્રદેશ અને ઉત્તરાખંડ સરકારે પણ અગ્નિવીરો માટે જાહેરાત કરી છે. હરિયાણા સરકારે પણ આ જવાનોને નોકરીમાં પ્રાથમિકતા આપવાની જાહેરાત કરી છે.

● અનુસંધાન પાન-૭ પર

# મુંબઈ-દિલ્હીમાં ફરી કોરોનાના કેસ વધ્યા

## મુંબઇમાં ૩૩ તો દિલ્હીમાં ૨૨% કેસ વધ્યા : પાંચ મહિના બાદ આટલા કેસ સામે આવ્યા : બીએમસીના અનુસાર મુંબઇમાં કોરોના કેસોની કુલ સંખ્યા હવે ૧૦,૮૫,૮૮૨ થઇ ગયા છે, જ્યારે મોતોની સંખ્યા વધીને ૧૯,૫૭૯ થઇ ગઈ

નવી દિલ્હી,તા.૧૬

કોરોનાના વધાતા જતા ગ્રાફને ફરી દેશવાસીઓની ચિંતા વધારવા લાગ્યો છે. જૂન આવતાં જ લોકોને નવી લહેરનો ડર સતાવવા લાગ્યો છે. મુંબઈમાં ૩૩ ટકા કોરોના કેસોમાં વધારો થયો છે તો બીજી તરફ દિલ્હીમાં ૨૨ ટકા નવા કેસ સામે આવ્યા છે. આજના દિવસે એટલે કે બુધવારની વાત કરી તો મુંબઈમાં ૨૨૯૩ નવા કેસ સામે આવ્યા છે, જોકે ૨૩ જાન્યુઆરી બાદ સૌથી વધુ દૈનિક કેસ છે. મુંબઈ ઉપરાંત રાષ્ટ્રીય રાજધાનીમાં બુધવારે કોરોનાના ૧૩૭૫ નવા કેસ સામે આવ્યા તો ૨ના મોત થયા છે. મુંબઈમાં બીએમસીએ મેડિકલ બુલેટિનમાં કહેવામાં આવ્યું છે કે બુધવારે શહેરમાં કોરોના ૨,૨૯૩ નવા નવા કેસ નોંધાયા છે, જો ૨૩ જાન્યુઆરી બાદથી સૌથી વધુ દૈનિક કોરોના કેસ છે. સાથે જ ૧ મોત થયું છે.

● અનુસંધાન પાન-૭ પર

# કોટામાં ભાજપની કાર્ય સમિતિની બેઠકમાં વસુંધરા રાજે સંબોધન વગર નિકળી ગયા

કોટા, તા.૧૬

રાજસ્થાનના કોટા ખાતે ચાલી રહેલી બે દિવસીય બીજેપીની કાર્યસમિતિની બેઠકમાં પૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજે પહોંચ્યા તો હતા પરંતુ સંબોધન કર્યા વગર જ ત્યાંથી નીકળી ગયા હતા.

એવું જાણવા મળ્યું છે કે, આ બેઠકમાં તેમનું સંબોધન પ્રસ્તાવિત હતું. રાજે બુધવારે સવારે ૧૧:૦૦ વાગ્યે બેઠકમાં પહોંચ્યા હતા.

લગભગ ૩ કલાકના કાર્યક્રમમાં હાજર રહ્યા બાદ સંબોધન કર્યા વગર જ ત્યાંથી નીકળી ગયા હતા. અહીં તેઓ તમામ પદાધિકારીઓ સાથે સ્ટેજ પર રહ્યા પરંતુ આખી બેઠક સુધી નહોતા રોકાયા.

● અનુસંધાન પાન-૭ પર

# જમશેદપુરમાં સ્લાઈડીંગ બોટ પડતા યુવકનું દર્દનાક મોત

## વોટરપાર્કમાં મસ્તી કરતા સાવધાન : એક સ્ત્રી સ્લાઈડીંગ બોટમાં બેઠી હતી, ટક્કર એટલી જોરદાર હતી કે જોની સ્થળ પર જ લોહીલુહાણ થઈ ગયો

નવી દિલ્હી,તા.૧૬

જો તમે પણ કાળઝાળ ગરમીથી બચવા માટે તમારા પરિવાર કે મિત્રો સાથે વોટર પાર્કમાં જઈ રહ્યા છો તો સાવધાન થઈ જાવ, નહીં તો એક નજીવી બેદરકારી તમારા મૃત્યુનું કારણ બની શકે છે. વોટર પાર્કમાં મોતની આવી જ એક ઘટના ઝારખંડના જમશેદપુરથી સામે આવી છે, જ્યાં એક યુવક આંખના પલકારામાં મોતની ગોદમાં સમાઈ ગયો. આ દુર્ઘટના પૂર્વ સિંઘભૂમના ઘાટશિલા ગલુડીહ પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના બિરસા ફન સિટી વોટર પાર્કમાં થઈ હતી, જેમાં એક યુવકે જીવ ગુમાવ્યો હતો. વોટર પાર્કમાં ન્હાતી વખતે સ્લાઈડિંગ બોટ યુવક પર પડી હતી. બોટ પડી જતાં યુવાન ગંભીર રીતે ઘાયલ થયો હતો, હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવતા યુવકનું મોત નીપજ્યું હતું. મૃતક યુવક જોની કેવર્ટ (૩૦) જમશેદપુરના બાગુનહાટુનો રહેવાસી હતો. એવું કહેવામાં આવ્યું છે કે, તે તેના ૭ મિત્રો સાથે જમશેદપુરથી ગાલુડીહ વોટર પાર્ક પહોંચ્યો હતો. જોની વોટર પાર્કના પાણીમાં સૌથી પહેલા ઉતર્યો હતો. તેના મિત્રો લોકરમાં કપડા અને અન્ય ચીજવસ્તુઓ રાખી રહ્યા હતા ત્યારે અચાનક પાણીની ઉપરથી એક ઝડપી સ્લાઈડિંગ બોટ જોની સાથે અથડાઈ હતી. એક સ્ત્રી સ્લાઈડીંગ બોટમાં બેઠી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે જોની સ્થળ પર જ લોહીલુહાણ થઈ ગયો. તેને માથામાં ગંભીર ઈજા થઈ હતી.



# દિલ્હી-NCRમાં વરસાદ

## વરસાદથી વાતાવરણ ખુશનુમાં બન્યું : રાહતની સાથે આફત, શહેરની ગતિ ધીમી પડી : ઉત્તર પશ્ચિમ દિલ્હી, પ. દિલ્હી, દિલ્હી-એનસીઆરના સોનેપત વિસ્તારોમાં હળવાથી મધ્યમ તીવ્રતાનો વરસાદ

દિલ્હી, તા.૧૬

દિલ્હી એનસીઆરમાં બુધવાર મોડી રાતથી ગુરુવારની વહેલી સવાર સુધી ભારે વરસાદને કારણે વાતાવરણ ખુશનુમા બની ગયું હતું અને લોકોએ આકરી ગરમીથી રાહતનો શ્વાસ લીધો હતો.

આગામી પાંચ દિવસ સુધી વરસાદની આગાહી કરવામાં આવી છે. ચોમાસાની સિઝનની શરૂઆત વચ્ચે ૧ જૂનથી જ દિલ્હીમાં વરસાદની રાહ જોવાઈ રહી હતી. સામાન્ય રીતે, મહિનાના પ્રથમ ૧૩ દિવસમાં ૧૩.૮ મીમી જેટલો વરસાદ પડે છે.જોકે, બુધવારે મોડી રાત્રે દિલ્હી-એનસીઆરમાં વરસાદે રાહતની સાથે આફત પણ લાવી છે.

દિલ્હીના કનોટ પ્લેસ, નોઈડા અને દિલ્હીના વિવિધ વિસ્તારોમાં ગુરુવારે વહેલી સવારે ભારે પવન સાથે વરસાદ પડ્યો હતો. વરસાદના કારણે રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા હતા અને તેના કારણે ગુરુવારે સવારે દિલ્હીની ગતિ ધીમી થઈ ગઈ હતી અને ટ્રાફિક જામની સમસ્યા પણ જોવા મળી હતી. મોટા શહેરોમાં વરસાદ આવતાની સાથે જ ટ્રાફિક સમસ્યા થઈ જતી હોય છે જેના કારણે લોકોને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે.

ભારતના હવામાન વિભાગે આપેલી માહિતી પ્રમાણે ભારતીય હવામાન વિભાગ એટલે કે આઈએમડી એ માહિતી આપી હતી કે, ઉત્તર પશ્ચિમ દિલ્હી, પશ્ચિમ દિલ્હી (બવાના, મુંડકા), દિલ્હી-એનસીઆરના સોનેપત વિસ્તારોમાં હળવાથી મધ્યમ તીવ્રતાનો વરસાદ અને તેજ પવન ફૂંકાશે. આઈએમડી અનુસાર, ૩૦-૪૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની અપેક્ષા રાખવામાં આવી હતી.



ભારતીય હવામાન વિભાગે આગામી ૭ દિવસમાં વાવાઝોડા અથવા હળવા વરસાદની ચેતવણી સાથે 'યલો એલર્ટ' જારી કરી છે. આઈએમડી અનુસાર, રાજધાનીમાં ઉનાળાની ઋતુમાં અત્યાર સુધીમાં ૨૬ દિવસ સુધી મહત્તમ ૪૨ ડિગ્રી સેલ્સિયસ અને તેનાથી વધુ તાપમાન નોંધાયું છે, જે ૨૦૧૨ પછી સૌથી વધુ છે.

# યુપીમાં બૂલડોઝરની કાર્યવાહી પર રોકનો સુપ્રીમનો ઈનકાર

## જમીયત ઉલેમા એ હિંદે સુપ્રીમમાં અરજી કરી હતી : કોર્ટે સરકારને ૩ દિવસની અંદર જવાબ આપવા માટે કહ્યું

નવી દિલ્હી, તા.૧૬

સુપ્રીમ કોર્ટે ઉત્તર પ્રદેશમાં બુલડોઝરની કાર્યવાહી પર રોક લગાવવાનો ઈનકાર કરી દીધો છે. આજ રોજ કોર્ટે જણાવ્યું હતું કે, બુલડોઝરની કાર્યવાહી પર રોક ન લગાવી શકાય. આ સાથે જ કોર્ટે યુપી સરકારને ૩ દિવસની અંદર જવાબ આપવા માટે કહ્યું છે. કોર્ટના કહેવા પ્રમાણે તોડફોડની તમામ કાર્યવાહી કાયદામાં રહીને થવી જોઈએ. હવે આગામી મંગળવારના રોજ આ કેસની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, પ્રયાગરાજ ખાતે થયેલી બુલડોઝર દ્વારા તોડફોડની કાર્યવાહીના વિરોધમાં જમીયત ઉલેમા એ હિંદે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. સુપ્રીમ કોર્ટે યુપી સરકારને જણાવ્યું કે, તોડફોડની કોઈ પણ કાર્યવાહી કાયદાકીય પ્રક્રિયા અંતર્ગત થવી જોઈએ. કોર્ટે જણાવ્યું કે, એવો પણ રિપોર્ટ છે કે આ બદલાની કાર્યવાહી છે. હવે તે કેટલો સાચો છે તે અમને ખબર નથી. આ રિપોર્ટ સાચો પણ હોઈ શકે અને ખોટો પણ. જો આ પ્રકારના વિધ્વંસ કરવામાં આવે તો પણ કમસેકમ તે કાયદાકીય પ્રક્રિયા અનુસાર થાય તે જરૂરી છે. કોર્ટની કાયદાની મર્યાદામાં તોડફોડ અંગેની ટિપ્પણી અંગે યોગી સરકારના વકીલ તુષાર મેહતાએ કહ્યું હતું કે, શું કોર્ટ પ્રક્રિયાના પાલન માટેના નિર્દેશ બહાર પાડી શકે. ત્યારે સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, અમે નોટિસ બહાર પાડી રહ્યા છીએ. તમે ૩ દિવસની અંદર જવાબ દાખલ કરો. તમે સુનિશ્ચિત કરો કે, આ દરમિયાન કશું અઘટિત ન બને.

# આસામમાં ભૂસ્ખલનમાં બે સગીર બાળકો દટાઈ ગયા

## આસામમાં ભયંકર વરસાદનો કહેર જારી : નેશનલ હાઈવે ૬ તૂટ્યા બાદથી મધ્યભારતના પૂર્વોત્તરના કેટલાક ભાગોમાં હાલમાં અવરજવર બંધ કરી દેવાઈ

ગુવાહાટી, તા.૧૬

આસામમાં ભયંકર વરસાદનો કહેર ચાલું છે. આજે આસામના ગોવાલપારા જિલ્લામાં સતત પડી રહેલા વરસાદના કારણે ભૂસ્ખલનમાં બે સગીર બાળકો જીવતા કાટમાળમાં સમાય ગયા હતા. ત્યારબાદ રાહત અને બચાવ દળે બંને બાળકોના મૃતદેહોને કાટમાળમાંથી બહાર કાઢ્યા હતા. આ ઘટના આજે સવારની ગોવાલપારીની છે. આસામમાં છેલ્લા ઘણા દિવસથી સતત વરસાદ પડી રહ્યો છે. જેમાં છેલ્લા ૩ દિવસોમાં ૬ લોકોના મૃત્યુ થઈ ચૂક્યા છે. એસડીઆરએફની ટીમે આજે ગોવાલપારામાંથી બે બાળકોના મૃતદેહ બહાર કાઢ્યા છે. હાલના દિવસોમાં પૂર્વોત્તરના રાજ્યો સતત વરસાદનો સામનો કરી રહ્યા છે. મેઘાલયમાં સતત થઈ રહેલા વરસાદના કારણે લુમશનોંગ વિસ્તારમાં નેશનલ હાઈવે ૬નો કેટલોક ભાગ ધ્વસ્ત થઈ ગયો હતો.



આ નેશનલ હાઈ-વેના તૂટ્યા બાદથી મધ્યભારતના પૂર્વોત્તરના કેટલાક ભાગોમાં હાલમાં અવરજવર બંધ કરી દેવામાં આવી છે. આ નેશનલ હાઈવે દક્ષિણી આસામ, મિઝોરમ, ત્રિપુરા અને મણિપુરના કેટલાક ભાગોને દેશના બીજા ભાગ સાથે જોડે છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, જો આ

● અનુસંધાન પાન-૭ પર

# ખાદ્યતેલમાં લિટરે ૧૫ રુપિયા સુધીનો ઘટાડો

## ખાદ્યતેલો સસ્તા થવાનું કારણ ઇન્ડોનેશિયા દ્વારા પામેતેલની નિકાસ ફરી શરૂ કરવી અને વૈશ્વિક બજારોની નરમાઇ છે

મુંબઈ, તા.૧૬

બ્રાન્ડેડ ખાદ્યતેલ કંપનીઓએ છેલ્લા બે વર્ષમાં 'મણ' જેટલો ભાવવધારા બાદ હવે 'કણ' જેટલો ઘટાડો કર્યો છે. તાજેતરમાં વિવિધ બ્રાન્ડેડ એડિબલ ઓઈલ કંપનીઓએ ખાદ્યતેલોની કિંમત લીટર દીઠ રૂ. ૧૫ સુધી ઘટાડી છે, જે મોંઘવારીની ભીંસમાં પિસાઈ રહેલી પ્રજાને આગામી તહેવારોની સિઝનમાં થોડીક રાહત આપી શકે છે.

ખાદ્યતેલો સસ્તા થવાનું મુખ્ય કારણ ઈન્ડોનેશિયા દ્વારા પામેતેલની નિકાસ ફરી શરૂ કરવી અને વૈશ્વિક બજારોની નરમાઈ છે. છેલ્લા કેટલાંક સપ્તાહોથી આર્જેન્ટિના અને રશિયામાંથી સનફ્લાવર તેલની સપ્લાય શરૂ થઈ છે જેની અસરે કિંમત પર દબાણ આવ્યુ છે.

**તાત્કાલિક જોઈએ છે**

કુડાસણ વિસ્તારમાં આર્કિટેકની ઓફીસ માટે ઓફીસ એટેન્ડન્ટની તાત્કાલિક જરૂરિયાત છે.

Mo. : 9925000648